# ૫. યા હોમ કરીને પડો...

**નર્મદાશંકર લાલશંકર દવે 'નર્મદ'**

તેમનો જન્મ ૨૪ ઑગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. તેઓ કવિ, નિબંધકાર, આત્મકથાકાર, નાટ્યસંવાદ લેખક, કોશકાર, પિંગળશાસ્ત્રી, સંપાદક અને સંશોધક હતાં. અર્વાચીન સાહિત્ય યુગનો પ્રારંભ નર્મદથી થયો. ૨૩ વર્ષની ઉંમરથી કાવ્યલેખનની શરૂઆત કરી હતી. ૧૮૫૮માં કલમને ખોળે માથું મૂકી શિક્ષકની નોકરી કાયમ માટે છોડી દીધી. તેમના નોંધનીય પુસ્તકોમાં 'નર્મગદ્ય' નિબંધસંગ્રહ, 'નર્મકવિતા', કાવ્યસંગ્રહ 'નર્મકોશ', 'મારી હકીકત' આત્મકથા વગેરેનો સમાવેશ થાય છે. તેમણે સુધારક વિચારો ધરાવતું 'દાંડિયો' નામનું પાક્ષિક શરૂ કર્યું હતું. 'જય જય ગરવી ગુજરાત' તેમનું ખૂબજ પ્રચલિત સર્જન છે. ૨૫ ફેબ્રુઆરી, ૧૮૮૬માં સુરતમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત શૌર્યકાવ્યમાં નર્મદે આપણને સાહસ કરવાની પ્રેરણા આપી છે. જીવનમાં જોખમ ખેડી આગળ વધીએ તો જીત આપણી જ છે. પણ જો ડર રાખીને આગળ જ ન વધીએ તો જીત કેવી રીતે મળે? જિંદગી એક લડાઈ જ છે તેમાં ઈશ્વર અનેક સંકટો રૂપી હાકલ કરતાં જ હોય છે. આપણે તો તે જીતવા માટે કટિબદ્ધ બનવાનું છે. કોઈ કાર્યમાં ઢીલ કરવી પાલવે જ નહિ. મનમાં ભય કે શંકા કરીએ તો હિંમત પડી ભાંગે છે. હજી વાર છે – વાર છે તેમ કરી સમય પસાર કરે તેનો કોઈ કાળે ઉદ્ધાર થતો નથી. સાહસપૂર્વક ઝંપલાવવાથી જ સિદ્ધિ મળે છે. ઐતિહાસિક તેમજ પુરાણોના પાત્રોના ઉદાહરણો આપીને કવિએ જોમભરી શૈલીમાં પ્રેરણા પૂરી પાડી છે. જાતિભેદના બંધન કાપવાનું, પરદેશમાં જઈ લાખોનો વેપાર કરવાનું તેમજ પાખંડ છોડી દેવાનું સાહસ કરવાથી દેશમાંથી દુ:ખ દૂર થઈ જશે તેવી કવિને શ્રદ્ધા છે.

યા હોમ કરીને પડો ફતેહ છે આગે,
સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે.
કેટલાંક કર્મો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે,
હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે, નવ સરે અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ જોઈ બળ લાગે.... યા હોમ...
સાહસે કર્યો પરશુએ પૂરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ ભણે;
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે.... યા હોમ...

સાહસે કોલંબસ ગયો, નવી દુનિયામાં,
સાહસે નેપોલિયન ભીડ્યો યુરોપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો પોપની સામા,
સાહસે સ્કાટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિંકદર નામ અમર સહુ જાગે.... યા હોમ...
સાહસે જ્ઞાતિનાં બંધ કાપી ઝટ નાખો,
સાહસે જાઓ પરદેશ બીક નવ રાખો;
સાહસે કરો વેપાર, જેમ બહુ લાખો,
સાહસે તજી પાખંડ, બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદ દેશ-દુઃખ સહુ ભાગે.... યા હોમ...

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં આપણાં રાષ્ટ્રીય તહેવારો વિશે ચર્ચા કરવી, દેશભક્તિનું એકાદ ગીત ગવડાવવું. કાવ્યમાં આપેલા સાહસવીરો ઉપરાંત અન્ય વીરો વિશે પણ સક્રિય ચર્ચા કરવી. તે દરમ્યાન લઘુ પ્રશ્નો દ્વારા કાવ્યની પંક્તિઓનું સ્પષ્ટીકરણ કરતાં જવું. રોજિંદા જીવનમાં આવતા નાના-મોટા પ્રસંગોના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓના મંતવ્ય જાણી તેના આધારે સાહસ કરવા પ્રેરણા આપવી. દા.ત. વાંદાથી ડરતા બાળકોના મનમાંથી તે ડર કાઢી નાંખવાનો પ્રયત્ન કરવો. જાતિભેદ, વર્ણભેદ દૂર કરવા માટે પણ પર્યાપ્ત પ્રેરણા આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દ શોધો :**

(૧) લડાઈ (૨) વહેમ (૩) દિવસ (૪) અધિકાર
(૫) કરજ (૬) તરત (૭) દંભ (૮) વિદેશ

**સ. ૨. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) ઢીલ થવી | (અ) કંઈ જ ન વળવું |
| (૨) હામ ખાળવી | (આ) વિરોધ કરવો |
| (૩) અર્થ ન સરવો | (ઇ) કરજ ચૂકવવું |
| (૪) સામે થવું | (ઈ) દંભ છોડી દેવો |
| (૫) દેવું વાળવું | (ઉ) વાર લગાડવી |
| (૬) પાખંડ તજવો | (ઊ) હિંમત હારી જવી |

**સ. ૩. આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો :**

(૧) લં કો સ બ (૨) શુ મ પ રા ર (૩) ય ને લિ પો ન

(૪) વ ઝં વું લા પ (૫) ર બ્ર સ હ્મ (૬) કં ર દ સિ

**સ. ૪. નીચેના શબ્દોના અક્ષરોમાંથી ચાર-ચાર શબ્દ બનાવો :**

(૧) વિક્રમરાજા (૨) પરદેશ

**સ. ૫. નીચેના શબ્દના બે-બે સમાનાર્થી શબ્દ લખો : દા.ત. : ફતેહ – જીત, સફળતા**

(૧) જંગ (૨) શંકા (૩) શૂર (૪) ભય (૫) ઢીલ

**સ. ૬. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) જીવનરૂપી લડાઈમાં હિંમતપૂર્વક ઝંપલાવવાથી જીત નક્કી જ મળે છે.

(૨) કેટલાંક કામ પછી કરશું એમ વિચારી સમય પસાર કરે તેઓ કોઈ દિવસ સફળ થતાં નથી.

(૩) જાતિભેદ કે વર્ણભેદના બંધનો તોડી નાંખવાનું સાહસ દરેકે કેળવવું જોઈએ.

(૪) કોઈપણ બહાના કાઢવાથી કંઈ જ વળતું નથી. પણ ઝંપલાવવાથી સિદ્ધિ અવશ્ય મળે છે.

**સ. ૭. લખો :**

(૧) કાવ્યમાં આવતાં ઐતિહાસિક પાત્રો (૨) કાવ્યમાં આવતાં પુરાણોનાં પાત્રો

**સ. ૮. ઓળખો :**

(૧) અર્જુનને મારનાર – (૨) યુરોપમાં ભીડનાર – (૩) પોપની સામે થનાર –

(૪) દેવું વાળનાર – (૫) નવી દુનિયા શોધનાર – (૬) લક્ષ્મણને હણનાર –

**સ. ૯. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) સાહસથી જ ______________ અર્જુનને પૂરો કર્યો.

(અ) કોલંબસે (આ) કર્ણએ (ઇ) પરશુએ

(૨) સાહસ થકી જ નેપોલિયન આખા ______________________ ભીડી ગયો.

(અ) અમેરિકામાં (આ) યુરોપમાં (ઇ) રશિયામાં

(૩) _____________ નામ સાહસને લીધે જ અમર બન્યું.

(અ) સિકંદરનું (આ) કોલંબસનું (ઇ) નેપોલિયનનું

(૪) બધાં જંગ જીતવા ચાલો ______________________ વાગી રહ્યાં છે.

(અ) ઢોલ (આ) બ્યુગલ (ઇ) નગારાં

સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

**સંભાષણ** ★ 'સાહસે જાઓ પરદેશ, બીક નવ રાખો' : આ પંક્તિની નર્મદના સમયગાળા સંદર્ભે વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ દેશભક્તિ તેમજ શૌર્યગીતો(ઓછામાં ઓછા ૫)નો સંગ્રહ કરી નાની પુસ્તિકા બનાવો.

## ભાષિક સમજ

★ **નીચેનાં વાક્યો બહુવચનમાં ફેરવો.**

(૧) મને ગુલાબ ગમે છે.
(૨) તું ફરવા જઈશ કે ?
(૩) તેની શાળામાં આજે રજા છે.
(૪) હું નાટકમાં ભાગ લઈશ.

★ **કાળ ઓળખો.**

(૧) બગીચામાં રંગબેરંગી પતંગિયાં હતાં.
(૨) હું મિત્રો સાથે વેકેશનમાં ફરવા જઈશ.
(૩) સૂર્યાસ્તનું દશ્ય અતિ મનોહર છે.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### સાચને પડખે...

સાચને પડખે રહીને ઝૂઝતાં
આપણે પળવાર પણ ખસવું નથી;
સંકટો, દુઃખો, પધારો સ્વાગતમ્ !
લેશ પણ આ માર્ગથી ચસવું નથી.

જૂઠની જીતે ચણેલા માંડવે
પ્રાણ મારા લાલચે રમવું નથી;
જાલિમો ને ધૂર્તના પાયે પડી
કોઈ દી કોઈ મિશે નમવું નથી.

મર્દની મોકાણમાં જાવું ભલે
કાયરોની જાનમાં ચડવું નથી;
મોતની મુસકાન મીઠી માણશું,
જિંદગીમાં જીવવા રડવું નથી.

પ્રાણ મારા, એકલા આગે બઢો;
આજ બોલો : 'ના, હવે ડરવું નથી.'
જંપ ક્યાં છે ? ચેન ક્યાં છે ? દંભનાં
દંગલો તોડ્યા વિના ઠરવું નથી.

સાચને પડખે પરાજય હો ભલે
તે છતાં પાછું હવે ફરવું નથી.

– મકરંદ દવે

8QLYUL

સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.